RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ પોષ વદ -૧૪   શનિવાર, તા.૧૭-૦૧-૨૦૨૬   અંક : ૧૯ વર્ષ : ૨૧   email :rajkot@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# ગ્રીનલેન્ડ મામલે અમેરિકાને સાથ આપો અથવા ઊંચા ટેરિફ માટે તૈયાર રહો

## ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવાની મહત્વાકાંક્ષાનો વિરોધ કરનારા દેશોને આર્થિક પરિણામો ભોગવવાની ડોનાલ્ડ ટ્રમ્પની ખુલ્લી ચેતવણી

વોશિંગ્ટન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવાની તેમની મહત્વાકાંક્ષાનો વિરોધ કરનારા દેશોને આર્થિક પરિણામો ભોગવવાની ખુલ્લી ચેતવણી આપી છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે જે દેશો આ યોજનામાં અમેરિકાનો સાથ નહીં આપે, તેમના પર ભારે ટેરિફ (આયાત શુલ્ક) લગાવવામાં આવી શકે છે. આ આક્રમક વલણને કારણે અમેરિકા અને તેના યુરોપિયન સહયોગીઓ, ખાસ કરીને ડેનમાર્ક વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે.

વ્હાઈટ હાઉસમાં એક કાર્યક્રમ દરમિયાન, ટ્રમ્પે કહ્યું, "રાષ્ટ્રીય સુરક્ષા માટે અમને ગ્રીનલેન્ડની જરૂર છે," અને જો કેટલાક દેશો આ મુદ્દે સહકાર નહીં આપે તો તેમના પર ટેરિફ લાદવાની ધમકી આપી. આ પ્રથમ વખત નથી કે જ્યારે ટ્રમ્પે આર્થિક દબાણનો કૂટનીતિક હથિયાર તરીકે ઉપયોગ કરવાની વાત કરી હોય. આ પહેલા પણ તેમના પ્રશાસને રશિયન તેલ ખરીદનારા અને ઈરાન સાથે વેપાર કરનારા દેશો પર કડક પ્રતિબંધો લાદ્યા છે.આ મુદ્દે અમેરિકા, ડેનમાર્ક અને ગ્રીનલેન્ડના વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે વોશિંગ્ટનમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી, જેમાં અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સ અને વિદેશ મંત્રી માર્કો રુબિયો પણ સામેલ હતા. બેઠક બાદ ડેનમાર્કના વિદેશ મંત્રી લાર્સ લોકે રાસમુસેને જણાવ્યું કે બંને પક્ષો વચ્ચે "મૂળભૂત અસહમતિ" યથાવત છે. જોકે, મતભેદો છતાં, સંભવિત ઉકેલ શોધવા માટે એક ઉચ્ચ-સ્તરીય કાર્યકારી જૂથની રચના કરવા પર સહમતિ સધાઈ છે. રાસમુસેને સ્પષ્ટ કર્યું કે આ જૂથ અમેરિકાની સુરક્ષા ચિંતાઓને ધ્યાનમાં લેશે, પરંતુ ડેનમાર્કની "રેડ લાઈન્સ" (લક્ષ્મણ રેખા)નું સન્માન કરવું પડશે.આ સમગ્ર ઘટનાક્રમ આર્કટિક ક્ષેત્રમાં વધતી જતી વ્યૂહાત્મક સ્પર્ધાને ઉજાગર કરે છે. ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ નાટોને આ ક્ષેત્રમાં તણાવ રોકવા અને બાહ્ય હસ્તક્ષેપનો સામનો કરવા માટે "સંકલિત હાજરી" વિકસાવવા અપીલ કરી છે. સ્પષ્ટ છે કે ગ્રીનલેન્ડનો મુદ્દો હવે માત્ર અમેરિકા-ડેનમાર્કનો દ્વિપક્ષીય મુદ્દો નથી રહ્યો, પરંતુ તે વૈશ્વિક શક્તિ સંતુલનનો એક મહત્વપૂર્ણ હિસ્સો બની ગયો છે.

અમેરિકાના દબાણ સામે ડેનમાર્ક એકલું નથી. ડેનમાર્કે ગ્રીનલેન્ડમાં પોતાની સૈન્ય હાજરી વધારવાની જાહેરાત કરી છે, અને તેના સમર્થનમાં ફ્રાન્સ, જર્મની, નોર્વે અને સ્વીડન જેવા દેશોએ પણ મર્યાદિત સંખ્યામાં સૈનિકો મોકલવાની જાહેરાત કરી છે. યુનાઈટેડ કિંગડમ અને જર્મનીએ પણ આર્કટિક સુરક્ષા અભ્યાસના ભાગરૂપે સૈનિકોની તૈનાતીની પુષ્ટિ કરી છે. આ પગલાંને ટ્રમ્પની યોજના સામે યુરોપની એકતાના સ્પષ્ટ સંકેત તરીકે જોવામાં આવી રહ્યું છે.

# કચ્છના ખાવડા નજીક મોડી રાત્રે ૪.૧ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

## કચ્છમાં છેલ્લા ૪૮ કલાક દરમિયાન ત્રણ વખત ભૂકંપના આંચકા આવતા લોકોમાં ભય

અમદાવાદ

ગુજરાતના કચ્છ જિલ્લામાં ભૂકંપના આંચકાનો સિલસિલો યથાવત રહ્યો છે. શુક્રવાર અને શનિવારની મધ્યરાત્રિએ ૧:૨૨ વાગ્યે ખાવડા નજીક ૪.૧ની તીવ્રતાનો જોરદાર આંચકો અનુભવાતા લોકો ગાઢ નિંદ્રામાંથી જાગી ગયા હતા અને ભયના માર્યા ઘરની બહાર દોડી આવ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં કચ્છના અલગ-અલગ વિસ્તારોમાં આ ત્રીજો આંચકો નોંધાયો છે.

ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ ગાંધીનગરના જણાવ્યા અનુસાર, શુક્રવારે મોડી રાત્રે ૧:૨૨ કલાકે ૪.૧ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ કચ્છના ખાવડાથી ૫૫ કિલોમીટર ઉત્તર-ઉત્તરપૂર્વ દિશામાં જમીનથી ૧૧.૬ કિલોમીટરની ઊંડાઈએ હતું. ભૂકંપની તીવ્રતા વધુ હોવાના કારણે ખાવડા તેમજ આસપાસના મોટા વિસ્તારમાં તેના જોરદાર કંપન અનુભવાયા હતા. જોકે, સદનસીબે હજુ સુધી કોઈ જાનહાનિ કે મોટા નુકસાનના સમાચાર મળ્યા નથી.આ પહેલાં શુક્રવાર, ૧૬ જાન્યુઆરીના રોજ પણ કચ્છમાં બે હળવા આંચકા નોંધાયા હતા.ભચાઉ પાસે શુક્રવારે બપોરે ૧:૫૦ કલાકે ભચાઉથી ૨૧ કિલોમીટર ઉત્તર-ઉત્તરપૂર્વ દિશામાં ૨.૭ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. આ ભૂકંપ ૨૩.૯ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો.રાપર પાસે શુક્રવારે વહેલી સવારે ૫:૪૭ કલાકે રાપરથી ૧૯ કિલોમીટર પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ દિશામાં ૨.૫ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો, જે ૧૧.૧ કિલોમીટર ઊંડો હતો.એક જ દિવસમાં ઉપરાછાપરી આવેલા આ ત્રણ આંચકા, ખાસ કરીને ૪.૧ની તીવ્રતાના ભૂકંપે, સ્થાનિક લોકોમાં ચિંતાનો માહોલ પેદા કર્યો છે. ઉલ્લેખનીય છે કે કચ્છ સિસ્મિક ઝોન-૫ માં આવતો હોવાથી અહીં અવારનવાર ભૂકંપના આંચકા અનુભવાતા રહે છે.

# કેનેડાએ પ્રવાસ માટે ભારતને હાઈએલર્ટ ઝોનમાં મૂકતા વિવાદ

## કેનેડાના વડાપ્રધાનની ભારત મુલાકાત પહેલા ઈન્ટરનેશનલ ટ્રાવેલ એડવાઈઝરી અપડેટ કરી ભારતને પ્રવાસ માટે જોખમી દર્શાવ્યું

ઓટાવા

કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીની ભારત મુલાકાત પૂર્વે જ કેનેડા સરકારે પોતાની ઈન્ટરનેશનલ ટ્રાવેલ એડવાઈઝરી અપડેટ કરી છે. આ એડવાઈઝરીના લિસ્ટમાં ભારતને "હાઈ એલર્ટ"ની શ્રેણીમાં મૂકવામાં આવ્યું છે. કેનેડા સરકારની સત્તાવાર વેબસાઈટ પર જાન્યુઆરીના બીજા સપ્તાહમાં જારી કરાયેલા અહેવાલમાં જણાવ્યાનુસાર, ભારતમાં રાજકીય અસ્થિરતા, સુરક્ષા જોખમો અને મર્યાદિત



કોન્સ્યુલર સહાય જેવા કારણો આગળ ધરીને તેને "હાઈ એલર્ટ" કેટેગરીમાં રાખવામાં આવ્યું છે.

ભારતને પાકિસ્તાન, ઈરાન, યમન, સીરિયા, અફઘાનિસ્તાન અને દક્ષિણ સુદાન જેવા સંઘર્ષગ્રસ્ત દેશોની સમાન શ્રેણીમાં સ્થાન આપવામાં આવ્યું છે. ભારતને પાકિસ્તાન અને અફઘાનિસ્તાન જેવા દેશોની શ્રેણીમાં મૂકાતા ભારતીય રાજદ્વારી વર્તુળો અને નાગરિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. જોકે, કેનેડાએ ભારતની મુસાફરી પર સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો નથી, પરંતુ પ્રવાસ ટાળવા અથવા અત્યંત સાવચેતી રાખવા સૂચન કર્યું છે.

આંતરરાષ્ટ્રીય બાબતોના નિષ્ણાત પરમિન્દર દત્તાના જણાવ્યા અનુસાર, કેનેડાએ આ યાદીમાં ભારતનો સમાવેશ કરવા માટે જે કઠોર ભાષાનો પ્રયોગ કર્યો છે તે દ્વિપક્ષીય સંબંધોને વધુ નુકસાન પહોંચાડી શકે છે. જો કેનેડા સંબંધો સુધારવા માંગતું હોત, તો આ એડવાઈઝરીની ભાષા વધુ નરમ અને સંયમિત રાખી શકાઈ હોત.

ઉલ્લેખનીય છે કે, માર્ક કાર્નીની ભારતની મુલાકાત દ્વારા બંને દેશોના સંબંધો પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે, ત્યારે કેનેડાનું આ નવું પગલું "ભાવનાત્મક છેડછાડ" સમાન પૂરવાર થઈ રહ્યું છે. જે બંને દેશો વચ્ચેના સંબંધોની ખાઈને પૂરાવા દેશે નહીં.

# દસ કરોડ આપો નહીંતર પરિણામ ભોગવો પંજાબી ગાયકને લોરેન્સ ગેંગની ધમકી

## લોરેન્સ ગેંગે ખંડણી માગતા ગાયકે નોંધાવી પોલીસ ફરિયાદ

મોહાલી,

પ્રખ્યાત પંજાબી અને બોલિવૂડ ગાયક બી પ્રાકને ધમકીઓ મળી છે. કુખ્યાત લોરેન્સ બિશ્નોઈ ગેંગે ગાયક પાસેથી ૧૦ કરોડ રૂપિયાની ખંડણી માંગી છે. પૈસા ન ચૂકવવા પર ગંભીર પરિણામોની ધમકી આપવામાં આવી છે.

પંજાબી ગાયક બી પ્રાકને ધમકીઓ મળી છે. લોરેન્સ ગેંગે ગાયક પાસેથી દસ કરોડ રૂપિયાની ખંડણી માંગી છે. ૬ જાન્યુઆરીના રોજ બપોરે પંજાબી ગાયક દિલનૂરને એક ઓડિયો રેકોર્ડિંગ



મોકલવામાં આવ્યું હતું. અગાઉ, દિલનૂરને ૫ જાન્યુઆરીએ બે ફોન આવ્યા હતા, પરંતુ દિલનૂરએ તેનો જવાબ આપ્યો ન હતો.

૬ જાન્યુઆરીના રોજનો ફોન પણ વિદેશી નંબર પરથી આવ્યો હતો.પંજાબી ગાયક દિલનૂરે મોહાલીના જીજીં પાસે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, તેણીને વિદેશી નંબર પરથી ધમકીભર્યા ફોન આવ્યા હતા. પોતાને આરઝૂ બિશ્નોઈ તરીકે ઓળખાવનાર કોલરે ગાયક દિલનૂરને તેના મિત્ર, બોલીવુડ અને પંજાબી ગાયક બી. પ્રાક માટે ૧૦ કરોડ રૂપિયાની ખંડણીનો સંદેશ પહોંચાડવા કહ્યું. ફોન કરનારે બી. પ્રાકને ધમકી આપી હતી કે જો એક અઠવાડિયામાં ખંડણી ચૂકવવામાં નહી આવે તો તેને ગંભીર નુકસાન પહોંચાડવામાં આવશે.

# ઓડિશામાં બીજેડી નેતાના ઘરેથી કરોડોની રોકડ મળી

## ગેરકાયદે ખાણકામ મામલે કેગના અહેવાલ અને પોલીસ ફરિયાદ બાદ બીજુ જનતાદળના ઉપપ્રમુખ અને કોન્ટ્રાકટર ઋષિકેશ પાધીના નિવાસ સહિત ૨૦ સ્થળોએ ઈડીના દરોડા

ગંજમ,ઓડિશા

ઓડિશામાં ગેરકાયદે ખાણકામ અને મની લોન્ડરિંગના કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. ગંજમ જિલ્લામાં બીજુ જનતા દળના ઉપપ્રમુખ અને કોન્ટ્રાકટર હૃષિકેશ પાધીના નિવાસસ્થાને દરોડા દરમિયાન કરોડો રૂપિયાની રોકડ મળી આવતા ખળભળાટ મચી ગયો છે. તિજોરીઓ અને કબાટમાંથી ૫૦૦ની નોટોના અસંખ્ય બંડલ જોઈને તપાસ કરી રહેલા અધિકારીઓ પણ ચોંકી ઊઠ્યા હતા.ઈડીએ હૃષિકેશ પાધી અને તેમના કથિત નાણાકીય નેટવર્ક સાથે જોડાયેલા ગંજમ જિલ્લાના અંદાજે ૨૦ સ્થળોએ એકસાથે દરોડા પાડ્યા હતા.

બહેરામપુર શહેરના ઉદ્યોગપતિઓના નિવાસસ્થાનો સહિત બિજીપુર, લાંજીપલ્લી અને જયપ્રકાશ નગર જેવા વિસ્તારોમાં તપાસનો ધમધમાટ તેજ કરાયો છે.તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે કે રેતી માફિયાઓએ કાયદાથી બચવા માટે ઓટો માલિકો, ટ્રેક્ટર ચાલકો અને નાની દુકાનો ધરાવતા સામાન્ય લોકોના નામે રેતીના લીઝ મેળવ્યા હતા.

રૂષિકુલ્યા, બહુદા અને બડા નદીઓના પટમાં મોટા પાયે ગેરકાયદે ખાણકામ કરી સરકારી તિજોરીને કરોડોનું નુકસાન પહોંચાડ્યું હતું. કેગના અહેવાલ બાદ આ કૌભાંડની ગંભીરતા સામે આવી હતી, જેના આધારે ઈડીએ 'મની લોન્ડરિંગ'નો કેસ દાખલ કર્યો છે.

આ સમગ્ર ખેલમાં અનેક મોટા નેતાઓ, દલાલો અને ગુનાઈત પ્રવૃત્તિ ધરાવતા માફિયાઓ સામેલ છે. તેઓ સ્થાનિક રહેવાસીઓને ડરાવી-ધમકાવીને ગેરકાયદે રીતે ખનિજનું ઉત્ખનન કરી રહ્યા



હતા. ગંજમ જિલ્લામાં અગાઉ નોંધાયેલી અનેક પોલીસ ફરિયાદને આધારે ઈડીએ તપાસનો વ્યાપ વધાર્યો છે.

# ભટિન્ડા નજીક ડીવાઈડર સાથે કાર અથડાતા પાંચ વ્યક્તિના મોત

## મૃતકોમાં ગુજરાત પોલીસના મહિલા કર્મચારી સામેલ

ભટિન્ડા

પંજાબના ભટિંડાના ગુરથડી ગામ નજીક આજે સવારે મુખ્ય માર્ગ પર ફોર્ચ્યુનર કાર ડિવાઈડર સાથે અથડાતા સર્જાયેલા અકસ્માતમાં ગુજરાત પોલીસની એક મહિલા અધિકારી સહિત પાંચ લોકોના મોત થયા છે. કારમાં સવાર ભટિંડાથી ડબવાલી જઈ રહ્યા હતા.

આ ઘટના અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત પોલીસ અધિકારી અમિતા તેમજ અંકુશ, ભરત, ચેતન અને સતીશ ફોર્ચ્યુનર કારમાં ભટિંડાથી ગુજરાત જઈ રહ્યા હતા. કારની ઝડપી ગતિને કારણે ગુરથડી ગામ નજીક મુખ્ય હાઈવે પર કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી.આ ઘટનામાં કારમાં સવાર પાંચેય લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. પોલીસ અધિક્ષક નરિન્દર સિંહે જણાવ્યું કે, પાંચેયના મૃતદેહને સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે અને મૃતકોના પરિવારજનોને જાણ કરવામાં આવી છે. અહેવાલ છે કે પાંચેય લોકો ગુજરાતથી પંજાબ જઈ રહ્યા હતા.

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે જાહેરનામું બહાર પડાયું, ચૂંટણી પ્રક્રિયા ૫ દિવસ સુધી ચાલશે

## સત્તાવાર પ્રક્રિયા પૂર્ણ થયા પછી નીતિન નવીનની પ્રમુખ તરીકે નિમણૂકની પુષ્ટિ થઈ શકે છે

નવીદિલ્હી,

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. ચૂંટણી પ્રક્રિયા ૫ દિવસ સુધી ચાલશે. નોંધનીય છે કે ભાજપે અગાઉ નીતિન નવીનને પાર્ટીના કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા હતા. એવું માનવામાં આવે છે કે સત્તાવાર પ્રક્રિયા પૂર્ણ થયા પછી નીતિન નવીનની પ્રમુખ તરીકે નિમણૂકની પુષ્ટિ થઈ શકે છે.

ભાજેપે તેના એકસ હેન્ડલ પર પણ આ માહિતી પોસ્ટ કરી અને લખ્યું, "ભારતીય જનતા પાર્ટીના 'સંગઠન મહોત્સવ'ના ભાગ રૂપે, રાષ્ટ્રીય ચૂંટણી અધિકારી ડૉ. કે. લક્ષ્મણજીએ સત્તાવાર રીતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીની જાહેરાત કરી છે. ચૂંટણી પ્રક્રિયા ૧૯ જાન્યુઆરીથી શરૂ થશે અને ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે."ભાજેપે જણાવ્યું કે મતદાર યાદી ૧૬ જાન્યુઆરીએ પ્રકાશિત થશે. નામાંકન પ્રક્રિયા ૧૯ જાન્યુઆરીએ થશે. સત્તાવાર જાહેરાત અને મતદાન ૨૦ જાન્યુઆરીએ થશે. ભાજપે યોગ્ય સમયે સંપૂર્ણ યાદી શેર કરી છે.

નીતિન નવીન બિહારના એક અનુભવી નેતા છે અને ભાજપ સાથે જોડાયેલા છે. તેઓ પટનાના બાંકીપુર વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય છે અને બિહારમાં ખૂબ સક્રિય છે. નીતિન નવીન સંગઠન પર મજબૂત પકડ ધરાવે છે અને વિધાનસભામાં એક મજબૂત નેતા તરીકે ઓળખાય છે.ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા પછી, નીતિન નવીનએ કહ્યું, "હું કેન્દ્રીય નેતૃત્વ, પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને કેન્દ્રીય નેતૃત્વમાં રહેલા દરેકને મને આ તક આપવા બદલ અભિનંદન આપું છું.

# હરિદ્વારમાં ગંગા ઘાટ પર બિન-હિન્દુઓ માટે પ્રવેશ પ્રતિબંધિત : અનેક જગ્યાએ બોર્ડ લગાવાયા

હરિદ્વાર,

ગંગા સભા, હરિદ્વાર હર કી પૌડીમાં ઘણી જગ્યાએ બોર્ડ લગાવવામાં આવ્યા છે, જેમાં કહેવામાં આવ્યું છે કે બિન-હિન્દુઓ માટે પ્રવેશ પ્રતિબંધિત છે.

આ બોર્ડ લગાવવાની સાથે હવે રાજકીય ગતિવિધિ શરૂ થઈ ગઈ છે. ગંગા સભાએ હરિદ્વારના હર કી પૌડીના બ્રહ્મ કુંડ વિસ્તારમાં બોર્ડ લગાવ્યા છે, જેમાં બિન-હિન્દુઓ માટે પ્રવેશ પ્રતિબંધિત છે.

ગંગા સભા, હર કી પૌડી, હરિદ્વારના પ્રમુખ પંડિત નીતિન ગૌતમે જણાવ્યું હતું કે ૧૯૧૬માં, અંગ્રેજોના શાસનકાળ



દરમિયાન, મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળ એક મ્યુનિસિપલ કાયદો ઘડવામાં આવ્યો હતો, જેના કારણે બિન-હિંદુઓને હરિદ્વારમાં હર કી પૌડીમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે લોકો આ કાયદાથી સંપૂર્ણપણે વાકેફ ન હતા. તેથી, ગંગા સભાએ આ માહિતી હરિદ્વારના હર કી પૌડીના તમામ લોકો સુધી પહોંચાડવા માટે એક અભિયાનનું આયોજન કર્યું છે. દરવાજા પર બોર્ડ છે.

ગંગા સભાના પ્રમુખે કહ્યું કે બ્રિટિશ સરકાર હિન્દુઓની ભાવનાઓનું સંપૂર્ણ ધ્યાન રાખે છે. તેથી જ તેમણે ૧૯૧૬ માં આ કાયદો ઘડ્યો. હવે, આપણી ભાજપ સરકાર સત્તામાં છે, અને આપણી સરકારે આ કાયદાનો વિસ્તાર કરવો જોઈએ. તેમણે કહ્યું કે કુંભ મેળા વિસ્તારમાં બિન-હિંદુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવો જોઈએ.બધા સંતો અને ઋષિઓએ બિન-હિંદુઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકતા બોર્ડ લગાવવાનું સ્વાગત કર્યું છે.